॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૮ ડિસેમ્બર ૧૯૮૭ અંક ૩

# વાલીઓને,

## બાળકને સમય આપવો પડશે....

"બીજી કસોટી ક્યારે છે?," "ઘરકામ કેમ નથી અપાતું?" "અભ્યાસક્રમ આટલી બધી ઝડપથી કેમ ચાલે છે?" આવા અનેક પ્રશ્નો લઇને આવતા વાલીઓ સાથે ચર્ચા કરવાની આવે છે, ત્યારે મનમાં ખૂબ પ્રસન્નતા થાય છે કે આ વાલીઓ આટલા જાગૃત છે અને પોતાના બાળકના વિકાસ માટે કાળજી સેવે છે.

એવો પણ અનુભવ થાય છે કે પોતાનું બાળક કયા વર્ગમાં તો ઠીક, કયા ધોરણમાં છે તેની માહિતી પણ તેમને નથી. આશ્ચર્યની વાત તો એ છે કે આમાં ભણેલાં ગણેલાં, એમનાં વ્યવસાયમાં સફળ અને સજાગ એવા વાલીઓનો પણ સમાવેશ થાય છે.

બાળક સારા ગુણ લાવે છે, એમને માટે કદાચ શિક્ષક પણ રાખ્યાં છે, બાળકની જરૂરીયાત મુજબ સાધન અને પૈસા પણ મળી રહે એવી વ્યવસ્થા છે આથી વધુ બાળકને શું જોઇએ?

એ ભૂલવું ન જોઇએ કે બાળકને માતાપિતાનો 'સમય' જોઇએ છે. 'બાળકને શું જોઇએ છે?' તેના જવાબમાં પ્રથમ અને સૌથી મહત્વની ચીજ તમારો 'સમય' છે.

મુશ્કેલી એ છે કે બાળક એ માંગી શકતું નથી, કદાચ એને એની ખબર પણ નથી કે તેની તેને જરૂર છે. આપણે આપણા વ્યવસાયમાં વ્યસ્ત હોઇએ છીએ, બાળક તેની પોતાની પ્રવૃત્તિઓમાં સક્રિય છે. માતાપિતા સમય નથી આપી શકતા તેની ઉણપ ધ્યાનમાં નથી આવતી.

બાળક સાથેના વ્યવહારમાં જે વાલીઓ બાળકોને સમય આપી શકે છે તે અને જે બાળકોને વાલી સમય નથી આપી શકતા તેનાં ઉછેરની ઉણપ છતી થાય છે. બાબત સૂક્ષ્મ છે પણ ભારે મહત્વની છે. વ્યવસ્થાશક્તિ, સુઘડતા, સમજ, વિવેક, પરસ્પરના વ્યવહારમાં બાળકનું વ્યક્તિત્વ પ્રતિબિંબિત થાય છે તે પરથી જાગૃત માતાપિતાને અભિનંદન આપતાં ગૌરવ અનુભવાય છે.

બાળકની પ્રવૃત્તિઓમાં, મુંઝવણમાં, તેની સફળતા નિષ્ફળતામાં તમે તેનાં માર્ગદર્શક અને મિત્ર બનો, નાનામાં નાની મૂંઝવણ તે તમને કહી શકે તેવો સંબંધ કેળવો, તમે ધારશો તે કરતાં ઘણાં સારાં પરિણામની અપેક્ષા રાખતાં તમને નિરાશા નહીં મળે તેવો મને વિશ્વાસ છે.

**દિનુભાઈના વંદન**

## મારો મોસ્કોનો પ્રવાસ

'સોવિયેત વુમન' તરફથી યોજાતી આંતરરાષ્ટ્રીય બાલચિત્ર સ્પર્ધામાં મને પ્રથમ પારિતોષિક મળ્યું, જેને કારણે મને મારા માતા કે પિતા સાથે મોસ્કોની છ દિવસ માટેની મુલાકાતનું આમંત્રણ મળ્યું. આ સ્પર્ધાનો વિષય હતો 'મારા પ્રિય પુસ્તકનાં નાયક અને નાયિકા.'

દિલ્હીથી અમે ૭મી સપ્ટેમ્બરની રાતે ૧૨-૧૫ વાગે એરોફ્લોટના પ્લેનમાં બેઠાં. મોસ્કોના સમય પ્રમાણે સવારે ૫-૨૦ વાગે અમારુ પ્લેન ઊતર્યું, ત્યાં અમને અમારા ઈન્ટરપ્રીટર મીસ લેના લેવા આવ્યા હતા. તેઓ અમને હોટલ 'રુસિયા'માં લઇ ગયા. સવારે ૮-૩૦ વાગ અમે મોસ્કોમાં ફરવા ગયા, ત્યાંથી મોસ્કોના ઈન્ટરનેશનલ બુક-ફેરમાં ગયાં, ત્યાં અમારા ચિત્રોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. આ ઈનામ આ વર્ષે છ બાળકોને આપવામાં આવ્યું હતું જેમાં ભારત, કોરિયા, જાપાન, ઝેકોસ્લોવેકિયા, અને રશિયાના બાળકોનો સમાવેશ થતો હતો. ત્યાં અમને સર્ટીફિકેટ આપવામાં આવ્યા અને ત્યારબાદ પ્રેસવાળાઓએ અમારો ઈન્ટરવ્યુ લીધો, ત્યાં અમને બાળકોને ચિત્ર દોરવાનું કહ્યું, જેમાં મેં કૂકડાનું ચિત્ર દોર્યું.

ત્યારબાદ અમે ત્યાનાં જોવાલાયક સ્થળો જોવા ગયાં. સોવિયેત દેશનાં લોકપ્રિય નેતા લેનિનનું ઘર જોયું, 'ક્રેમલિન સ્કેવર' જોયું, જ્યાં લેનિનનું શબ રાખવામાં આવ્યું હતું. ઉપરાંત દુનિયાનું મોટામાં મોટું મ્યુઝિયમ, દુનિયાનો મોટામાં મોટો ઘાટ, મોસ્કોવા નદી, જર્મન લોકોનાં હુમલાને નિષ્ફળ બનાવી તેમની પાસેથી છીનવી લીધેલી તોપો વિ. જોયું, ત્યાંનું વિશાળ પુસ્તકાલય જોયું, ત્યાંનું મોટ્રે સ્ટેશન

(અનુસંધાન પાન ૪ કોલમ ૨ પર)

# નારગોલ શિબિર

નારગોલ અમદાવાદથી આશરે ૪૦૦ કિલોમીટર દૂર દરિયાકિનારે આવેલુ એક નાનું સરખું સુંદર ગામડું છે. પવિત્ર અરવિંદાશ્રમથી તે વિશેષ આકર્ષણરૂપ બનેલુ છે. તેના શાંત પ્રાકૃતિક સૌંદર્યનો આસ્વાદ ખરેખર માણવા જેવો છે.

ઉમરગાંવથી નારગોલ દરિયા રસ્તે ત્રણેક કિલોમીટર ગણાય, અને ઉમરગાંવ અને નારગોલ વચ્ચે હોડીવ્યવહાર ચાલે છે. નારગોલ જવા નજીકનું રેલ્વે સ્ટેશન સંજાણ બંદર છે. અમદાવાદથી ભરૂચ, સુરત અને સંજાણ થઈ નારગોલ જવાય છે.

આપણી શાળાની ધોરણ ૭ની વિદ્યાર્થિનીઓ માટે તા. ૧૦ ઓકટોમ્બર ૧૯૮૭ થી ૧૮મી ઓકટોબર સુધી શિબિર યોજવામાં આવી. અરવિંદાશ્રમ 'નવસર્જન સંસ્થામાં અમારો ઉતારો હતો. કન્યા છાત્રાલયની સગવડ ઘણી જ વ્યવસ્થિત અને સાનુકૂળ થઇ પડી.

અમારા આવાસની આજુબાજુ સુંદર બગીચો હતો. જાતજાતનાં સુંદર પુષ્પોથી તે શોભતો હતો. સ્વચ્છતા અને સુઘડતા ખરેખર પ્રશંસનીય હતા. ત્યાંના કાર્યકરો મળતાવડા, પ્રેમાળ અને ઉત્સાહી હતા તેથી શિબિરવાસીઓ ને 'નવસર્જન' પોતાનુંજ ઘર લાગ્યું.

નારગોલનો દરિયા કિનારો બિલકુલ નિર્ભય છે. શિબિરનો દરરોજનો સામાન્ય કાર્યક્રમ, વહેલી સવારે પાંચેક વાગે ઊઠી જવું, પ્રાત:પ્રાર્થના કરી સાગરસ્નાન માટે દરિયા કિનારે જવું. એકાદ કલાક દરિયા સાથે ખેલી, રહેઠાણ ઉપર આવી જવું: ફરીથી ગરમ પાણીથી સ્નાન કરી, જાતે કપડાં ધોઈ સૂકવી દેવા. ત્યાર પછી તૈયાર થઈ નવસર્જનના વિશાળ સ્વચ્છ ભોજનખંડમાં નાસ્તો કરવો, નાસ્તામાં દરરોજ વિવિધતા હોય જ. નાસ્તા પછી માટીકામ ની તાલીમ શરૂ થાય. નવસર્જનના કુશળ, તાલીમબદ્ધ. હોંશીલા કાર્યકરો જાતજાતના માટીના નમૂના કરી બતાવી વિદ્યાર્થીનીઓને શીખવતાં. કયારેક ચિત્રકામ પણ લેવાતું. કોઇ દિવસ ૧૧-૩૦નાં ભોજન પછી ઉમરગાંવ અને સંજાણબંદરની મુલાકાત લેવાતી. સંજાણનો કલ્પતરૂ ઉદ્યાન બહુ જ સુંદર છે. કાંટાળા છોડોની અનેક અવનવી જાતો ત્યાં જોવા મળી.

બપોરના નાસ્તા પછી અમે સૌ સાંજે સાગર કિનારે ફરવા નીકળી પડીએ. શંખ છીપલાં શોધતાં શોધતાં ત્રણેક કિલોમીટર સહેજે કાપી નાંખીએ. સાંજે ૭-૩૦ વાગે સાંજનું ભોજન લેવાતું. બપોરના નાસ્તામાં ભરપૂર મલાઇ અને પાણીવાળાં લીલા નાળિયેર કે તાજાં ફળો હોય.

રાત્રે નવવાગે દરરોજ રાત્રી કાયક્રમ હોય. ગરબા ગીતો, નાટકો, નૃત્ય, વચ્ચે વળી કયારેક સામાન્ય વ્યવહારુ જ્ઞાનની પણ સમજણ અપાય, જેવીકે બજારૂ વસ્તુઓ કેમ ન ખાવી, મુશ્કેલી આવે ત્યારે કેવી રીતે તેનો સામનો કરવો, ખરીદી કરતાં શું ધ્યાન રાખવું, વિ. રાત્રે આ સાથે દરરોજ ટી. વી. ઉપર બાળમિત્રો અને શિબિરવાસી-ઓનો દૈનિક કાર્યક્રમ બતાવવામાં આવતો અને ત્યારે બાળકો પોતાને ટી. વી ઉપર જોઇને આનંદમાં આવી જતા

એક દિવસ ઉમરગાંવથી પાછા ફરતાં થોડું મોડું થઇ ગયું. સર્વત્ર ગાઢ અંધકાર હતો. રસ્તો બરાબર દેખાતો ન હતો. રેતીમાં રાત્રે રસ્તો શોધવો મુશ્કેલ પણ ખરો. લૂગડાં સળગાવી રસ્તો શોધવાનો પ્રયાસ નિષ્ફળ નિવડયો. આખરે બે કાર્યકર મિત્રોએ જોખમ ખેડી અંધકારમાં આગળ જવાનું સાહસ કર્યું. બાળકોએ આ મુશ્કેલીમાં પ્રભુ-પ્રાર્થના શરૂ કરી થોડીવારમાં જરૂરી સહાય મળી જતાં નિર્વિઘ્ને ક્ષેમકુશળ સૌ ઊતારે પહોંચી ગયા. આવી મુશ્કેલીમાં પણ વિદ્યાર્થીની બહેનો ગભરાઇ નહી તે ખરેખર ધન્યવાદને પાત્ર ગણાય. આવા પ્રસંગે અને આવી શિબિરો માં સ્વાશ્રય, નીડરતા, શિસ્ત, નિયમિતતા પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ વિ. ગુણો આપોઆપ ખીલી ઊઠે છે.

ઉમરગાંવથી થોડે દૂર વૃંદાવન સ્ટુડીયો છે ટી. વી. ઉપર બહુ જ લોકપ્રિય થયેલ સિરીયલ 'રામાયણ' નું ત્યાં શુટીંગ થાય છે. શિબિરવાસીઓને એ જોવાની સારી તક સાંપડી, આ વખતે રામવાલીનાં સંવાદનું શુટીંગ ચાલતું હતું. વિદ્યાર્થીઓને કેમેરા અને પડદાની કેટલીક રસપ્રદ કરામત તો સમજાવવામાં આવી, લગભગ એક કલાક સુધી વિદ્યાર્થી-બહેનોએ કંઇક જુદો જ આનંદ અનુભવ્યો.

પાછા ફરતાં અમે રાતવાસો નવસારી 'તપોવન' સંસ્થામાં કર્યો. અસલાલી આવતાં પ્રવાસી બાળા ચિ. રચના પટેલનાં કુટુંબીજનોએ સૌ શિબિરવાસીઓનું દુધ-પૌંઆ અને આઇસક્રીમથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું. ને લાંબી મુસાફરીનો થાક અદશ્ય થઈ ગયો. સર્વત્ર ઉલ્લાસભર્યું વાતાવરણ ફેલાઈ ગયું.

સાંજે ૬ વાગે બસ શારદામંદિર આવી પહોંચી પપ્પા મમ્મીને જોતાં જ સૌ બાળકો સ્વર્ગીય વાતાવરણમાં ડુબી ગયા.

જાફરાબાદ પછી આ બીજી શિબિર હતી નારગોલનું શાંત-રમણીય વાતાવરણ તથા ત્યાંના પ્રેમાળ કાર્યકરોનો સ્નેહ કદી પણ ભૂલી શકાશે નહીં. આ શાંત રમણીય ભૂમિનો લ્હાવો જરૂર લેવા જેવો ખરો.

કુમુદભાઈ શાહ

## "આજે મારે ઘેર જવું છે"

શાળાને શરૂ થયે હજી માંડ કલાક થયો હશે ત્યાં ઋચા વર્ગમાં ઊભી થઈને બેનની પાસે આવી "બેન મને માથું દુઃખે છે." તેણે બેનને કહ્યું.

"તો પછી નિશાળે શું કામ આવી? ઘરે આરામ જ કરવો હતો ને!"

"બેન, પણ મમ્મીએ કહ્યું કે દવા આપી છે એટલે સારૂ થઇ જશે. તું નિશાળે જા, ભણવાનું બગડે ને? ને ઠીક ન જ થાય તો બહેનને કહેજે, મને ફોન કરે તો વહેલી લેવા આવીશ બસ બેટા!" ને આમ ઋચાએ મને કમને પણ શાળએ આવવું જ પડયું.

પરંતુ શાળામાં આવી ત્યારથી તેનું મન અસ્વસ્થ હતું. દવાની ગોળીની અસરથી કંઇક રાહત જરૂર થઇ હશે પરંતુ તેનું મન ફરી માથું દુઃખવાના ભયે બેચેન હતું. થોડી થોડી વારે તેને થયાં કરતું હતું "ના ના હજી મને માથું દુઃખે છે, થોડું થોડું તો દુઃખે જ છે તો મમ્મીને ફોન કરું? મને લઈ જશે" તે કેમેય કરી તેનું મન ભણવામાં પરોવી શકતી ન હતી ને આખરે તે બેનની રજા લઈ ઓફીસમાં આવી ને ઘરે ફોન કરાવ્યો કે જેથી તે ઘેર જઈ શકે. શાળામાં હોવા છતાં તે ન તો ભણી શકી ન આરામ કરી શકી શાળામાં ભણતાં વિદ્યાર્થીઓને વારંવાર આ પરિસ્થિતિમાં જ્યારે જોવાના થાય છે ત્યારે વાલી સાથે કેટલોક વિચાર વિનિમય જરૂરી લાગે છે.

બાળક કયારે ય શારીરિક રીતે અસ્વસ્થ હોય ત્યારે તેને ફરજીયાત શાળાએ મોકલવાનો આગ્રહ નજ રાખવો કારણ આપણે મોટેરાઓ પણ તબીયત અસ્વસ્થ હોય તો ધ્યાનથી કામ કરી નથી શકતા એ આપણે સૌએ અનુભવેલી હકીકત છે જ ને તે સાથે જ્યારે કામ કરવાની ફરજ પાડવામાં આવે તો માનસિક અસ્વસ્થતા અનેક ગણી વધી જાય એ પણ સ્વાભાવિક છે, ને ત્યારે બાળક વર્ગમાં ભણવા તરફ ધ્યાન કઈ રીતે કેન્દ્રિત કરી શકે? અને તેમાં ય જ્યારે વહેલાં ઘેર જવાની એક માનસિક તૈયારી સાથે બાળક શાળાએ આવે છે ત્યારે તો તેનું મન કેમે ય કરી વર્ગમાં ઠરી શકતું જ નથી, અને ત્યારે વર્ગમાં માત્ર શારીરિક હાજરીથી ભણવામાં કશી જ પ્રગતિ થઈ શકતી નથી અને એટલે જ બાળકને કયારે ય વહેલા ઘેર આવવાની શકયતાની માનસિક તૈયારી સાથે સમજાવીને શાળાએ ન મોકલવા ખાસ વિનંતી, એનાં કરતાં એવા સંજોગોમાં બાળકને ઘેર થોડા સમય માટે આરામ કરાવી વહેલું સારું કરવું વધુ હિતાવહ છે.

ઊર્મિલા શાહ

# સંસ્થાકીય સમાચાર

**બાલમંદિર :-**

નવરાત્રિ નિમિત્તે બાલમંદિરનાં બાળકોએ ૩૦-૯-૮૭ના રોજ ગરબા મહોત્સવની ઊજવણી કરી, જેમાં નાના બાલમંદિરથી માંડી તાલિમ વિભાગ સુધીની બધીજ બહેનોએ ભાગ લીધો. સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈને નાની બાળાઓએ તાલબધ્ધ રીતે ગરબાની સુંદર રમઝટ જમાવી તાલીમ મંડળીના ભાઇઓએ પણ તાલબંધ રીતે રાસની જમાવટ કરી.

**શિશુમંદિર :- સ્પર્ધાઓ**

**૧-૧૦-૮૭ નવરાત્રિ નિમિત્તે આરતી સ્પર્ધા**
**પ્રથમ** :- શવિલ **પરીખ** ૭ब (રત્નદીપ)
**દ્વિતીય :-** કોશાલી શાહ ૭ब (રત્નદીપ)
**તૃતીય :-** સિરાલી મુન્શી ૭अ (રત્નદીપ)
હેતલ શાહ ૭ब (ધવલગિરિ)

**૧૪-૧૧-૮૭ બાલદિન નિમિત્તે ચિત્રસ્પર્ધા**
**ધોરણ ૧ થી ૪ પ્રથમ** પૌલોમી પારેખ ૪क
**દ્વિતીય :-** કલગી શાહ બીજલ દિલીપભાઇ ૨क
**તૃતીય :-** હરિણી દેસાઇ ૨ब અદિતી શાહ ૧ब
અનુજા શાહ ૪ब રાજવી શાહ ૧अ

**ધોરણ ૫ થી ૭ પ્રથમ** નિસર્ગ સુતરીયા ૫अ
**દ્વિતીય** :- દેવલ શાહ ૫ब શ્રેયસી શાહ ૭क
**તૃતીય** :- શીલ દેસાઈ ૬अ સપ્તક પટેલ ૬ब
૧૪-૧૧-૮૭ દલાલ એજ્યુકેશન કોલેજના ઉપક્રમે સ્પર્ધાઓ

**વકતૃત્વ સ્પર્ધા :- પ્રથમ** જપન પાઠક ૬ब
**દ્વિતીય** ડિરલ તેલી ૫क
**તૃતીય** ચિંતન મહેતા ૭अ

**ગુજરાતી સુલેખન સ્પર્ધા :- પ્રથમ** શર્વરી ભટ્ટ ૬अ
**દ્વિતીય** :- બિરવા શાહ ૬ब
**અંગ્રેજી જોડણી સ્પર્ધા :- પ્રથમ** તપન શાહ ૭क
**દ્વિતીય** :- જૈનિક વકીલ ૭क

વિજેતા વિદ્યાર્થી ભાઈબહેનોને દલાલ એજ્યુકેશન કોલેજ તરફથી સર્ટીફીકેટ તથા ઇનામો આપવામાં આવ્યા

**ઉત્સવો** :- તા. ૧-૧૦-૮૭ના રોજ નવરાત્રિ નિમિતે રાસ ગરબાનો ઉત્સવ ઉજવવામાં આવ્યો જેમાં બધાજ વિદ્યાર્થી ભાઈબહેનોએ રાસ, ગરબા, હીંચ, રાંદલનો ઘોડો વિ.માં ભાગ લઇ આનંદ માણ્યો.

તા. ૩-૧૦-૮૭નાં રોજ ગાંધી-જયંતિનાં ઉત્સવમાં સમૂહ પ્રાર્થના અને પૂ. ગાંધીબાપુ વિષે જુદા જુદા વકતવ્યો રજૂ થયાં.

**વક્તવ્ય :-** ૨૮–૯–૮૭ લૂઇ પાશ્ચર, ૩–૧૦–૮૭ પૂ. ગાંધીજી, ૧૪–૧૧–૮૭ પંડિત જવાહરલાલ નહેરૂ, ૧૯–૧૧–૮૭ શ્રીમતી ઇન્દીરા ગાંધી, ૨૩–૧૧–૮૭ સર જગદીશચંદ્ર બોઝ અને સર સી. વી. રામન

**પ્રવાસ :-** સંસ્થામાં તા. ૧૦ ઓકટોબર થી ૧૮ ઓકટોબર સુધી ધો. ૭ની બહેનો માટે નારગોળ મુકામે શિબિર યોજાઈ, જે દરમ્યાન તૈયાર કરેલ હસ્તઉદ્યોગનાં નમૂનાઓનું પ્રદર્શન તા. ૭મી નવેમ્બરથી ૯મી નવેમ્બર સુધી યોજવામાં આવ્યું.

તા. ૨, ૩, ૪ ઓકટોબર મહુડી વિજાપુર તારંગા અંબાજી વડનગર અને કોટેશ્વરનો પ્રવાસ ધો. ૪ના ભાઇઓ માટે, તા. ૧૨, ૧૩ સપ્ટેમ્બર તથા તા. ૧૯, ૨૦ સપ્ટેમ્બર ધોરણ ૨ના વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોનો મહુડી વિજાપુર અને આગલોટનો પ્રવાસ

તા. ૨૬,૨૭ સપ્ટેમ્બર પાટણ મોઢેરાનો પ્રવાસ ધોરણ ૪ની બહેનો માટે, તા. ૧૪, ૧૫ નવેમ્બર વિજાપુર વડનગર તારંગાનો પ્રવાસ, ધો. ૩ના ભાઈઓ માટે, તા. ૨૧, ૧૨ નવેમ્બર ઉપરીયાળાજી ખારાઘોડાનો પ્રવાસ ધો. ૩ની બહેનો માટે.

**અભિનંદન :- અર્પી સ્નેહલભાઈ શાહને** ઇલાબેન પટેલ મેમોરિયલ ચિત્ર સ્પર્ધામાં આશ્વાસન ઈનામ મેળવવા બદલ અભિનંદન.

અદિતિ શતીષચંદ્ર શાહને ઓરીએન્ટ કલબ આયોજીત ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ઇનામ મેળવવા બદલ અભિનંદન. ઈન્દીરા ગાંધી પુણ્યસ્મૃતિ નિમિતે બાલભવન ખાતેયોજાયેલ ચિત્ર સ્પર્ધામાં **સુનેન પંડયા** ને **પ્રથમ** અને નિલાશુંરાજા ને દ્વિતીય ઈનામ મેળવવા બદલ અભિનંદન.

'સોવિયત વુમન' તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં મોસ્કો ખાતે ચંદ્રક મેળવવા બદલ ચિ. **નિસર્ગ સુતરીયા** ને અભિનંદન.

'સોવિયત કલ્ચરલ સેન્ટર' મદ્રાસ દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ આવવા બદલ ચિ. શીલ દેસાઈ ૬અ ને અભિનંદન.

તરણકળામાં, ઠાકોરભાઈ દેસાઈ સ્નાનાગાર ખાતે યોજાયેલ તરણ સ્પર્ધામાં દ્વિતીય, વડોદરામાં રાજ્યકક્ષાએ યોજાએલ તરણ સ્પર્ધામાં દ્વિતીય અને નેશનલ કક્ષાએ નેશનલ સ્પોર્ટસ ટેલેન્ટ કોન્ટેસ્ટ ૧૯૮૭માં ગાંધીનગર ખાતે સર્ટીફીકેટ મેળવવા બદલ ચિ. અંકુર રાજુભાઇ શાહ ને અભિનંદન.

**શ્રદ્ધાંજલિ :-** ધો ૪ ચની વિદ્યાર્થીની બહેન નિરાલી આર. શાહના અકાળ અવસાન બદલ સૌ કોઇએ ભારે દુઃખની લાગણી અનુભવી છે. ઇશ્વર સદ્ગતનાં આત્માને પરમ શાંતિ આપેએ જ પ્રાર્થના.

**વિનયમંદિર :** ઇન્ટરેકટ કલબનાં ઉપક્રમે તા. ૧૯-૯-૮૭ના રોજ એલીસબ્રીજ શાળાઓની વકતૃત્વ સ્પર્ધા, ૨૪-૯-૮૭ નાં રોજ 'QuiZ' અને ૧૬–૧૦–૮૭ના રોજ કુ. **પ્રિયા ભટ્ટનો** મારા **'જાપાનના પ્રવાસના અનુભવો'** ઉપર વાર્તાલાપ યોજવામાં આવ્યો.

**શ્રી શશિકાંતભાઈ યાજ્ઞિકનું ૩ ૯–૮૭ 'શ્રદ્ધા' વિષય પર** પ્રવચન, ૩૦-૯-૮૭ **'દવાથી થતાં નુકશાન'** ઉપર **ડૉ. મહેન્દ્રભાઇ** દવેનો વાર્તાલાપ.

તા. ૧–૧૦–૮૭, બેંક ઓફ ઈન્ડિયાના ઉપક્રમે વકતૃત્વ સ્પર્ધા, જેમાં પ્રથમ ઇનામ આલાપ શાહે દ્વિતીય ઈનામ શૈશવ ભગતે અને તૃતિય ઈનામ કિંચિત ઝાલાએ મેળવ્યું. તે માટે તેમને અભિનંદન.

૯–૧૦–૮૭ **આંતરગૃહ ગરબા સ્પર્ધા**

વિજેતા :- **તાલીચપટી**-પ્રથમ **મેઘદૂત**, દ્વિતીય **ચંદ્રમૌલિ**

વેરાઇટીઝ, પ્રથમ **પદ્મપુકુર**, દ્વિતીય **મેઘદૂત**

વિજેતા બહેનોને અભિનંદન.

## સંસ્થાનું ગૌરવ

૧૯૮૭ની ઓલ ઇન્ડિયા નેશનલ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં સારા ગુણ પ્રાપ્ત કરી, ચિ ચાંદની પટવા (૮-બ) એશિયન ચેમ્પીયનશીપમાં ભાગ લેવા માટે તા. ૧૬–૯–૮૭ થી ૨૦–૯–૮૭ સુધી કોરિયા ગઇ જ્યાં તેણે દસમાંથી સાતમો નંબર પ્રાપ્ત કર્યો; તે માટે તેને અભિનંદન બહેન ચાંદનીએ અત્યાર સુધીમાં સ્કેટીંગમાં ૧૧ સુવર્ણચંદ્રક, ૧૬ રજતચંદ્રકો અને ૪ કાંસ્યચંદ્રક મેળવ્યાં છે.

**વિદાય સમારંભ :-** સંસ્થાને ૩૫ વર્ષથી પણ વધુ સેવા આપનાર ડ્રાયવર જગન્નાથજી નિવૃત્ત થતાં હોવાથી તા. ૯–૧૧–૮૭ના રોજ વિદાય સમારંભ યોજવામાં આવ્યો. આ પ્રસંગે તેમની સંનિષ્ઠ સેવાની ગૌરવપૂર્વક નોંધ લેવામાં આવી હતી, અને સંસ્થા તરફથી તેમજ વાલીઓ તરફથી આવેલી રકમ અર્પણ કરવામાં આવી હતી. વાલીઓએ ભાવપૂર્વક આપેલા ફાળા બદલ સંસ્થા તરફથી આભાર માનવામાં આવ્યો હતો.

એક મહેલ જેવું વિશાળ અને સુંદર છે દુનિયાભરમાં વખણાતું રશિયન સરકસ અમે જોયું.

---

અનુસંધાન પાન–૧ કોલમ–૨નું ચાલુ

ત્યાનાં લોકો ખૂબ જ મિલનસાર અને શિસ્તબદ્ધ હતાં. ૧૫ મીની રાતે મોસ્કોથી નીકળી અમે અમદાવાદ પાછા ફર્યા ત્યાંના લોકોનો પ્રેમ અને આ પ્રવાસની મઝા હું કયારેય ભૂલી નહીં શકું. **નિસર્ગ સુતરીયા** ૫અ

---

તંત્રી, મુદ્રક, પ્રકાશક **:** હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક
શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.

મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૭.